# પરીપત્ર

**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ – મેઈલ : dir-sd@gujarat. gov.in
CPD શાખા :dd2-dsd@gujarat.gov.in

---

નં.સસુખા/CPD/DBT/૨૦૧૭-૧૮/૨૦૫ તા.૨૫/૦૧/૨૦૧૮

**વિષય :** પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓની NSAP-PORTAL પર એન્ટ્રી કરવા બાબત.

**સંદર્ભ:** સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્ર ક્રમાંક જજઅ/૧૦/ ૨૦૧૭/૫૭૯૦૯૪/૮૬૩ તા-૦૪/૦૧/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજય સરકારની પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓને સહાય પેટે ચુકવવાની થતી રકમ નિયમિત રીતે તેમના ખાતામાં જમા થાય તે અર્થે આ યોજનાને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્ફર (DBT) યોજના હેઠળ આવરી લેવાની મંજુરી મળેલ છે અને રાજય સરકારની પાલક માતા-પિતા યોજનાને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્ફર (DBT) યોજના અંતર્ગત લાવવામાં આવતા NATIONAL SOCIAL ASSISTANCE PROGRAMME (NSAP) પોર્ટલ પર આ યોજનાની કામગીરી કરવાની રહે છે અને PUBLIC FINANCIAL MANAGEMENT SYSTEM (PFMS) પોર્ટલ મારફત ચુકવણું કરવાનું રહે છે. જે સંદર્ભે આથી જિલ્લા કક્ષાએથી નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૧) જિલ્લા કક્ષાએથી પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓને ડિસેમ્બર-૨૦૧૭ સુધી જ ચુકવણું કરવાનું રહેશે.

૨) NATIONAL SOCIAL ASSISTANCE PROGRAMME (NSAP) પોર્ટલ પર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના USER ID થી પાલક માતા-પિતા યોજના**(GJPMPY)**ના લાભાર્થીઓની એન્ટ્રી કરવાની રહેશે. જે જિલ્લાના Dashboard પર પાલક માતા-પિતા યોજના જોઇ શકાતી

ન હોય તેવા જિલ્લાઓએ વડી કચેરી ખાતે સંપર્ક કરી યોજનાના Rights મેળવી લેવાના રહેશે.

3) NATIONAL SOCIAL ASSISTANCE PROGRAMME (NSAP) પોર્ટલ પર પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓની એન્ટ્રી કરવાની કાર્યવાહી જિલ્લા બાળ સુરક્ષા એકમે કરવાની રહેશે.

૪) NSAP પોર્ટલ પર પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓની એન્ટ્રીની કાર્યવાહી ૧૦-ફેબ્રુઆરી-૧૮ પહેલા પુર્ણ કરવાની રહેશે. અને કામગીરી પુર્ણ કર્યા બદલનું પ્રમાણપત્ર અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે.

૫) NSAP પોર્ટલ પર પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓના ફોટોગ્રાફ અને તમામ સાધનિક કાગળો ફરજીયાત અપલોડ કરવાના રહેશે.

ઉપરોક્ત પરીપત્રનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

નિયામક
**સમાજ સુરક્ષા ખાતું**
**ગુજરાત રાજય,ગાંધીનગર**

**પ્રતિ,**
૧.જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, તમામ
૨. જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, તમામ
૩. અધિક્ષકશ્રી, ચિલ્ડ્રનહોમ/ઓબ્ઝરવેશન હોમ તમામ

**નકલ સવિનય રવાના:**
અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરને વિદિત થવા વિનંતી.

**નકલ રવાના:-**
(૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, બ્લોક-૧૯/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને જાણ સારૂ.
(૨) હિસાબી અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરને જાણ સારૂ.
(૩) પોગ્રામ મેનેજરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,ગાંધીનગર ને જાણ સારૂ.
(૪) સેકશન અધિકારીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, છ શાખા, ગાંધીનગર ને જાણ સારૂ.
(૫) પરીપત્ર ફાઇલ